પૂર્ણા યોજના અંતર્ગત કન્સલ્ટન્ટની
નિમણૂક કરવા માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૪/બ૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૯-૦૭-૨૦૨૦

સંદર્ભઃ-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૯/૦૮/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૪/બ

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૦૨/૦૩/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃ આઇસીડીએસ/પૂર્ણા કન્સલટન્ટ એક્ષ્ટેંસન/દરખાસ્ત/૨૦૨૦/૧૩૪૮૮૦

ઠરાવઃ-

વર્ષ ૨૦૧૮ થી ગુજરાત સરકારે(૧૦૦% સ્ટેટ બર્ડન) ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી અને ન જતી એમ તમામ કિશોરીઓ માટે પૂર્ણા યોજના અમલમાં મૂકેલ છેઆ યોજના અંતર્ગત ૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓને પોષણ અને પોષણ સિવાયની સેવા પુરી પાડમાં આવે છે. આ યોજનાનો મુખ્ય હેતુ તમામ કિશોરીઓ પોતાના જીવનમાં તે માહિતીનો અમલ કરે તે માટે પ્રોત્સાહિત કરવા, તેમજ તેમને અસર કરતા તમામ નિર્ણયો તેઓ જાતે લઇ શકે તે દિશામાં યોગ્ય વાતાવરણ તૈયાર કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. આ યોજનાનો અમલ થકી ગુજરાતની કિશોરીઓમાં કુપોષણ, એનિમિયા, ઓછુ વજન જેવી વિવિધ પરિસ્થિતિઓમાં ઘટાડો જોવા મળશે."પૂર્ણા" યોજના થકી ગુજરાતની દરેક કિશોરીઓ તેના જીવનકાળમાં સાચા અર્થમાં "પૂર્ણા" બને તેવો મહત્વાકાંક્ષી લક્ષ્ય ગુજરાત સરકારે રાખ્યો છે.વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ઠરાવથી પૂર્ણા યોજના અંતર્ગત કન્સલ્ટન્ટની નિમણૂક કરવા માટે વર્ષ ૨૦૧૯-૨૦માં નવી બાબત તરીકે વહિવટી મંજુરી આપવાનુ ઠરાવવામાં આવેલ હતું. વંચાણે લીધેલ ક્રમાંક(૨)થી પૂર્ણા યોજના અંતર્ગત કન્સલ્ટન્ટની જગ્યાઓની સેવાઓની મુદ્દત તા.૩૧-૦૩-૨૦૨૧ સુધી વધારી આપવાની મંજુરી આપવા દરખાસ્ત રજુ કરેલ હતી.

પૂર્ણા યોજનાનો સઘન રીતે અમલીકરણ થાય અને મોનિટરીંગ, રીપોર્ટીંગ અને યોજનાનો લાભ યોગ્ય લાભાર્થી સુધી પહોંચે તે માટે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં નિમ્નલિખિત વિગતે ૪૪

કન્સલ્ટન્ટની જગ્યાઓની સેવાઓ ૧૧ માસના કરારના ધોરણે સરકાર માન્ય એજન્સી દ્વારા આઉટસોર્સથી મેળવવા વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) માનદ વેતન

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક વેતન રૂ. |
|---|---|---|---|
| ૧ | સ્ટેટ પૂર્ણા કન્સલટન્ટ | ૧ | ૪૦,૦૦૦/- |
| ૨ | રિજનલ પૂર્ણા કન્સલટન્ટ | ૪ | ૩૫,૦૦૦/- |
| ૩ | ડિસ્ટ્રીક પૂર્ણા કન્સલટન્ટ | ૩૩ | ૨૦,૦૦૦/- |
| ૪ | કોર્પોરેશન પૂર્ણા કન્સલટન્ટ | ૬ | ૨૦,૦૦૦/- |

ઉકત વહિવટી મંજૂરી નીચેની શરતોને આધીન રહેશે.

શરતો:

((૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૭) આ મંજુર જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૮) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઇપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી.

(૯) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં. :- ૧૦૬

મુખ્ય સદર :- ૨૨૩૬-પોષણ

પેટા મુખ્ય સદર :- ૦૨ પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદર :- ૮૦૦ અન્ય ખર્ચ.

પેટા સદર:- ૧૧- PURNA યોજના

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૩/૬/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષા પટેલ)
ઉપસચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી,સચિવાલય, ગાંધીનગર
2. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
3. માન.રા.ક.મંત્રીશ્રી,મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ,સચિવાલય,ગાંધીનગર
4. અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
5. સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
6. સચિવશ્રી "આયોજન"ના અંગત મદદનીશશ્રી,સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
7. કમિશ્નરશ્રી મહિલા અને બાળવિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. નિયામકશ્રી(આઇસીડીએસ),કમિશ્નરશ્રી મહિલા અને બાળવિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
9. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લાપંચાયતની કચેરી,જિ. ............

10. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,મ્યુનિસિપલ કોર્પોરેશન,જિ. ............
11. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, (અમદાવદ,વડોદરા,સુરત,રાજકોટ)
12. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) જિલ્લા પંચાયતની કચેરી,જિ. ............
13. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન,મ્યુ.કો. ............
14. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય,ગાંધીનગર
15. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
16. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
17. નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર
18. સર્વે તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિ. ............
19. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર-વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
20. શાખા સિલેક્ટફાઇલ